**સામાજિક શિક્ષણ શિબિરો યોજવા બાબત.**

ગુજરાત સરકાર,
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બકર- ૧૦૭૮-૪૬૮૦-ર.(૭૯)-ક.
સચિવાલય, ગાંધીનગર, તા. ૧૨ મી જુલાઇ, ૧૯૭૯.

વંચાણમાં લીધા: - (૧) મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧-૪-૭૮ નો ઠરાવ ક્રમાંક: બીસીઆર- ૧૦૭૮- ૧૩૭૩૪-ક.

(૨) સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદનો તા. ૪-૯-૭૮ નો પત્ર ક્ર. સકક- બકક- ૭૮-૩૦૬.

(૩) સચિવશ્રી, ગુજરાત પછાતવર્ગ બોર્ડ, ગાંધીનગરનો તા. ૫-૧૦- ૭૮ નો પત્ર ક્ર. પવબ-યજન- ૧૮-૨૦૪- ૭૮.

ઠ રા વ:-

બક્ષી પંચે સૂચવેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોમાં તથા આર્થિક રીતે પછાતવર્ગોમાં શિક્ષણનું પ્રમાણ નહિવત્ છે. પરિણામે તેઓ સમાજમાં પછાત રહ્યા છે. તેમનું પછાતપણું દૂર કરવા માટે તેઓમાં જાગૃતિ લાવવાની ખૂબજ જરૂર છે. આથી આ હેતુ માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા આર્થિક રીતે પછાતવર્ગો માટે સામાજિક શિક્ષણ શિબિરો યોજવા માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે રૂા. ૬૦,૦૦૦/- અને આર્થિક રીતે પછાતવર્ગો માટે પણ રૂા. ૬૦,૦૦૦/- એમ કુલ રૂા. ૧,૨૦,૦૦૦/- (અંકે રૂા. એક લાખ અને વીસ હજાર પૂરા) ના ખર્ચની યોજનાને મંજૂરી આપવામાં આવે છે. યોજનાની વિગતો અને શરતો આ ઠરાવ સાથેના જોડાણમાં જણાવ્યા મુજબની રહેશે.

૨. આ યોજનાનો અમલ સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (રાજ્ય) મારફતે થશે. ૧૯૭૯-૮૦ ના વર્ષ દરમ્યાન આ યોજનાનો અમલ કરવા માટેના જરૂરી પગલા તાત્કાલિક લેવા આથી સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદને સૂચના આપવામાં આવે છે.

૩. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટેનો આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં સદર '' ૨૮૮ - સામાજિક સુરક્ષા અને કલ્યાણ- બીસીડી- ૧૩૫-સમાજ શિક્ષણ શિબિરો '' અને આર્થિક રીતે પછાતવર્ગો માટેનો આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર ''૨૮૮-સામાજિક સુરક્ષા અને કલ્યાણ(૩૭) બીસીડી-૧૩૫-બીજી યોજનાઓ સમાજ શિક્ષણ શિબિર '' ખાતે ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાંકિય વર્ષ દરમ્યાન કરવામાં આવેલી જોગવાઇમાંથી મેળવવો.

૪. આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર નાણાંકિય સલાહકારશ્રીની તા. ૬-૬-૭૯ ની સંમતિથી આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર. ડી. ઠાકર,
ઉપ સચિવ,
મજુર , સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,

X રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર,
મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,

સમાજ કલ્યાણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, (વધારાની પાંચ નકલો સાથે),

સચિવાલયના બધા વિભાગો,

મહાલેખાધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/ રાજકોટ,

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર,

સ્થાનિક તપાસણી અધિકારીશ્રી , અમદાવાદ/ ગાંધીનગર,

X વિભાગીય નિયામકશ્રી, પછાતવર્ગ કલ્યાણ, ૮ ,મીલ અધિકારીઓની કોલોની, આશ્રમ રોડ, અમદાવાદ- ૩૮૦૦૦૯ .

સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય , અમદાવાદ(વધારાની ૧૦ નકલો સાથે),

સચિવશ્રી, ગુજરાત પછાતવર્ગ બોર્ડ, ગાંધીનગર ( વધારાની પાંચ નકલો સાથે)

બધા સમાજ-કલ્યાણ અધિકારીશ્રીઓ ( રાજ્ય) અને(પંચાયત)
સર્વ જિલ્લા કલેકટરશ્રીઓ,
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,

પ્રાયોજના વહીવટદાર (આદિવાસી વિસ્તાર પેટા યોજના) ના તાબા હેઠળના મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ,

નાણા શાખા, મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,

વિભાગની બધી શાખાઓ,

માહિતી નિયામકશ્રી, ગાંધીનગર, આ અંગે અખબારી યાદી બહાર પાડવા અને બહોળી પ્રસિદ્ધિ કરવા અર્થે.

વિશિષ્ટ ફાઇલ- ક.- શાખા.

X પત્ર દ્વારા.

મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૧૨-૭-૭૯ ના ઠરાવ ક્રમાંક: બકર-૧૫૭૮-૪૬૮૦૬-(૭૯)-ક.નું સાથેનુ જોડાણ:-

-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા આર્થિક રીતે પછાતવર્ગો માટે સામાજિક શિક્ષણ શિબિરો યોજવા માટેની યોજના.

-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા આર્થિક રીતે પછાતવર્ગો જાગૃતિ લાવવા માટે તથા તેમને સંબંધકર્તા યોજનાઓની બહોળી પ્રચાર થઇ શકે તેટલા માટે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગમાંથી તથા આર્થિક રીતે પછાતવર્ગમાંથી પસંદ કરવામા આવેલા ૪૦ આગેવાનોની શિબિરો યોજવામા આવશે. આ શિબિરો સ્વૈચ્છિક સંસ્થાઓ કે પંચાયતો મારફતે પ્રાદેશિક ધોરણે યોજવામા આવશે. આ શિબિરોમા તાલુકા કે જિલ્લા અધિકારીઓ, સમાજ સેવકો, ધારાસભ્યો અને અન્ય આગળ પડતી વ્યકિતઓને વ્યાખ્યાન માટે બોલાવવામા આવશે. આ શિબિરોમા સરકારે આ વર્ગો માટે મંજુર કરેલી શૈક્ષણિક, આર્થિક ઉત્કર્ષ, આરોગ્ય અને ગૃહ નિર્માણ વગેરે અંગેની વિવિધ યોજનાઓ અંગેની માહિતી અને સમજુતી આપવામા આવશે. તેમા શિક્ષણ અને સ્વચ્છતાનું મહત્વ પણ સમજાવવામા આવશે શિબિરને રાજકિય સ્વરુપ ન આપવામા આવે તેની તકેદારી રાખવામાં આવશે.

(૧) એક શિબિર માટે રુ. ૧,૦૦૦/- નો ખર્ચ અંદાજવામા આવેલ છે. જેમા ૪૦ વ્યકિતઓનો ત્રણ દિવસનો ભોજન ખર્ચ, તેમનો પ્રવાસ ખર્ચ અને દિવાબત્તી, પાણી તથા અન્ય પરચુરણ ખર્ચનો સમાવેશ થશે.

(૨) ત્રણ દિવસ માટે આ શિબિરો રાખવામાં આવશે. આ શિબિરો શનિ. રવી કે અન્ય રજાઓને સાંકળીને ગોઠવવામા આવશે.

(૩) આ શિબિરો (જિલ્લા મથકો સિવાય) તાલુકા મથકે અથવા તેના અંદરના ભાગોમા યોજવામા આવશે. જયા શિબિરોમા ભાગ લેનાર માટે રહેવાની, જમવાની, તથા અન્ય સગવડો કરવામા સરળતા હોય.

(૪) આ યોજનાનો અમલ સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (રાજય) મારફતે કરવામા આવશે.

(૫) ખર્ચનો અંદાજ:- ૧૯૭૯-૮૦.:-

| | શિબિરોની સંખ્યા. | એક શિબિરનો ખર્ચ અંદાજે રુ. | અંદાજી ખર્ચ રુ. |
|---|---|---|---|
| (૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે. | ૬૦ | ૧,૦૦૦/- | ૬૦,૦૦૦/- |
| (૨) આર્થિક રીતે પછાતવર્ગો માટે. | ૬૦ | ૧,૦૦૦/- | ૬૦,૦૦૦/- |
| | | અંદાજે કુલ ખર્ચ રુ. | ૧,૨૦,૦૦૦/- |